ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૦૭.૦૮.૨૦૧૭

**કોંગ્રેસની ગભરામણ તેમના રાજ્યસભાના ઉમેદવાર અહેમદ પટેલના નિવેદનોમાં સ્પષ્ટપણે વર્તાઈ રહી છે - શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

---------------------

**ભાજપા પાસે સ્પષ્ટ ગણિત અને પૂર્ણ સમર્થન છે, જીત માટે જરૂરી કરતાં પણ વધુ મત ભાજપા પાસે છે**

---------------------

**રાજ્યસભાની ચૂંટણીઓમાં ભાજપાના ઉમેદવારો ત્રણેય બેઠકો પર સરસાઇ મેળવીને જીતશે અને કોંગ્રેસમુક્ત ગુજરાત તરફ અભિયાન વધુ વેગવંતુ બનશે - શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

---------------------

**કોંગ્રેસે સ્વંત્રતા અને અભિવ્યક્તિની આઝાદીની તમામ મર્યાદાઓ વટાવી દીધી છે, કોંગ્રેસને પોતાના જ ધારાસભ્યોનો ભય છે - શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

---------------------

**ગુજરાતમાં આવ્યા પછી પણ આજનો પવિત્ર રક્ષાબંધનનો તહેવાર પણ કોંગ્રેસના ધારાસભ્યોને ઉજવવા દેવાયો નથી તે ખૂબજ આઘાતજનક તેમજ શરમજનક બાબત છે - શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

---------------------

રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવે આજ રોજ પ્રદેશ કાર્યાલય ‘‘શ્રીકમલમ્’’ ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા દેશની તેમજ ગુજરાતની જનતાને રક્ષાબંધનના પવિત્ર તહેવારની શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી યાદવે જણાવ્યુ હતુ કે, ભાજપાના બધા જ ધારાસભ્યો આજે બહેનો પાસે રાખડી બંધાવી રક્ષાબંધનનો તહેવાર મનાવીને અને અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત સેવા આપીને આજે યોજાનારી પક્ષના ધારાસભ્યોની વિશેષ બેઠકમાં ઉપસ્થિત રહ્યા છે. આવતીકાલે ૮ ઓગષ્ટના રોજ યોજાનારી રાજ્યસભાની ચૂંટણીઓની સમીક્ષા કરી છે.

શ્રી યાદવે દ્રઢ વિશ્વાસપૂર્વક જણાવ્યુ હતુ કે, આવતીકાલે યોજનાર રાજ્યસભાની ચૂંટણીઓમાં ભાજપાના ઉમેદવારો ત્રણેય બેઠકો પર સરસાઇ મેળવીને જીતશે અને કોંગ્રેસમુક્ત ગુજરાત તરફ અભિયાન વધુ વેગવંતુ બનશે.

શ્રી યાદવે કોંગ્રેસ પાર્ટી પર તીખી પ્રતિક્રિયા આપતાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસે સ્વંત્રતા અને અભિવ્યક્તિની આઝાદીની તમામ મર્યાદાઓ વટાવી દીધી છે. આવી કુદરતી આફતના સમયે ધારાસભ્યોને પોતાના વિસ્તારમાં પ્રજાજનો સાથે રહેવાને બદલે બેંગલોરના રિસોર્ટમાં બંધક બનાવી દીધા હતા અને આજે તેમના પોતાના વિસ્તાર ગુજરાતમાં આવ્યા પછી પણ આજનો પવિત્ર રક્ષાબંધનનો તહેવાર પણ તેમને ઉજવવા દેવાયો નથી તે ખૂબજ આઘાતજનક તેમજ શરમજનક બાબત છે. પોતાની ધરતી પર આવ્યા પછી પણ કોંગ્રેસે ધારાસભ્યોને બંધક બનાવી રાખ્યા છે તેનાથી કોંગ્રેસની હાર સ્પષ્ટ થઇ ગઇ છે.

શ્રી યાદવે વધુમાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસની ગભરામણ તેમના રાજ્યસભાના ઉમેદવાર અહેમદ પટેલના નિવેદનોમાં સ્પષ્ટપણે વર્તાઈ રહી છે. અને ભાજપાના ઉમેદવારોને જીતવા માટે જેટલા મત જોઇએ છે તેના કરતાં પણ વધુ મત ભાજપા પાસે છે, ભાજપા પાસે સ્પષ્ટ ગણિત અને પૂર્ણ સમર્થન છે.

શ્રી યાદવે અંતમાં જણાવ્યુ હતુ કે, અમારા બધા જ ધારાસભ્યો આવી કુદરતી આફતના સમયે સતત પ્રજાના સંપર્કમાં છે અને સ્વતંત્ર છે. કોંગ્રેસને પોતાના જ ધારાસભ્યોનો ભય છે અને ભાજપા નિર્ભયપણે ત્રણેય બેઠકો પર પોતાના ઉમેદવારોને ચોક્કસ જીતાડશે તેવો અડગ વિશ્વાસ શ્રી યાદવે વ્યક્ત કર્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)
મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૦૭.૦૮.૨૦૧૭

**ભાજપાના રાજયસભાના ત્રણેય ઉમેદવારોનો વિજય નિશ્ચિત છે.**

---------------------

**કોંગ્રેસના અહેમદભાઈ પટેલને ૨૬ વર્ષના કાર્યકાળ દરમ્યાન તેમને કયારેય પણ ગુજરાત યાદ આવ્યું નથી અને હવે તેઓ પોતાની હાર ભાળી ગયા હોવાથી ભાજપા પર બેબુનિયાદ જૂઠાં આક્ષેપો કરે છે તે તેમની હારની હતાશા દેખાઈ રહી છે. - શ્રી જીતુભાઈ વાઘાણી**

---------------------

**આફતના સમયે કોંગ્રેસે પોતાના ધારાસભ્યોને પ્રજાજનો સાથે સંપર્કમાં ન રાખી ખૂબ મોટું પાપ કોંગ્રેસે આચર્યું છે. - શ્રી જીતુભાઈ વાઘાણી**

---------------------

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં આજરોજ યોજાયેલ પક્ષના ધારાસભ્યોની બેઠકની માહિતી આપતા પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આવતીકાલની રાજયસભાની ચૂંટણીમાં ભાજપાના ત્રણેય ઉમેદવારોનો વિજય નિશ્ચિત છે. આવતીકાલનો દિવસ એ ગુજરાત માટે ઐતિહાસિક દિવસ બની રહેવાનો છે. ગુજરાતમાં લગભગ ત્રણ દાયકા પછી રાજયસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે. આજની આ બેઠકમાં પક્ષના ધારાસભ્યોએ આવતીકાલે યોજાનાર રાજયસભાની ચુંટણીમાં મતદાન અંગેનું માર્ગદર્શન મેળવ્યું હતું.

શ્રી વાઘાણીએ કોંગ્રેસના પાયાવિહોણા નિવેદનો પર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના ઉમેદવાર અહેમદભાઈ પટેલને ૨૬ વર્ષના કાર્યકાળ દરમ્યાન કયારેય પણ ગુજરાત યાદ આવ્યું નથી અને હવે તેઓ પોતાની હાર ભાળી ગયા હોવાથી ભાજપા પર બેબુનિયાદ જૂઠાં આક્ષેપો કરે છે તેમાં તેમની હારની હતાશા દેખાઈ રહી છે. કોંગ્રેસે માત્ર રાજયસભાની એક બેઠક માટે આખેઆખી ગુજરાત કોંગ્રેસને બંધક બનાવીને દાવ પર લગાડી દીધી છે. લોકશાહીમાં કોઈપણ રાજકીય પક્ષ માટે પ્રજા એ પહેલી હોવી જોઈએ. પરંતુ માત્રને માત્ર અહેમદભાઈની સત્તા માટે કોંગ્રેસ માટે ખુરશી એ પહેલી છે. આમ, કોંગ્રેસની સત્તાલક્ષી રાજનીતિ ખુલ્લી પડી ગઈ છે. આફતના સમયે કોંગ્રેસે પોતાના ધારાસભ્યોને પ્રજાજનો સાથે સંપર્કમાં ન રાખી ખૂબ મોટું પાપ કોંગ્રેસે આચર્યું છે. ગુજરાતની જનતા આ સમગ્ર ઘટનાક્રમને જોઈ રહી છે. તે કદીયે આવી સંવેદનાવિહીન કોંગ્રેસને માફ નહી કરે તેમ શ્રી વાઘાણીએ જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
**મીડીયા વિભાગ**